# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૧૩૯ તા. ૧૧-૧-૧૭**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષયઃ- કાંકરિયા પ્રાણીસંગ્રહાલયની મુલાકાત અંગે**

આથી તમામ મ્યુનિ.શાળાનાં મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે તા.૧૪-૦૧-૨૦૧૭ થી તા.૩૦-૦૧-૨૦૧૭ સુધી કાંકરિયા પ્રાણીસંગ્રહાલયમાં એનીમલ વેલ્ફેર પખવાડીયાની ઉજવણી કરવામાં આવનાર છે. આ પખવાડીયા દરમ્યાન શહેરનાં બાળકોને વન્ય પ્રાણીઓને પરીચય થાય તેમજ વન્ય પ્રાણી વિષે વધુ માહિતગાર થાય તે હેતુસર આ પખવાડીયા દરમ્યાન ૧૨ વર્ષ સુધીનાં બાળકોને સોમવાર સિવાય ઝૂ માં સવારનાં ૯-૦૦ થી બપોરનાં ૧૨-૦૦ સુધી વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવનાર છે. તથા કાંકરિયા પરીસરમાં શૈક્ષણિક પ્રવાસે આવતા શાળાના બાળકોને આચાર્યશ્રીનાં લેટરપેડ ઉપર લેખીત અરજી કાંકરિયા પરીસરનાં ગેટ ઉપર રજુ કર્યેથી રૂ.૧/- બાળકદીઠ ચુકવવાથી પ્રવેશ મળશે. જયારે કાંકરિયા પ્રાણીસંગ્રહાલય સિવાય અન્ય વિભાગોમાં રાબેતા મુજબ ટીકીટ મેળવીને પ્રવેશ આપવામાં આવશે તો આ અંગેનો લાભ આપની શાળાનાં બાળકોને મળે તે અંગે જરૂરી મંજુરી મેળવી આયોજન શાળાની અનુકુળતા હોય તો ગોઠવશો. શૈક્ષણિક બાબતોને બાધ ન આવે તે રીતે વિદ્યાર્થીઓને પ્રાણીસંગ્રહાલયની મુલાકાત સલામતીપૂર્વક કાળજી લઇ કરાવવાની રહેશે.

તા.૧૧-૧-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી